ગાંધીનગર સમાચાર

## બે દિવસ ઈન્ટરનેટ સેવા બંધ

પાટીદાર અનામત આંદોલન રવિવારે ટર્નિંગ પોઈન્ટ પર આવીને ઉભું છે ત્યારે વહીવટીતંત્ર દ્વારા સાવચેતીના પગલારૂપે સાબરકાંઠામાં કોઈ અફવા કે ગેરસમજ ફેલાય નહિ તે આશયથી જિલ્લા પોલીસવડા પ્રવિણ માલે બે દિવસ સુધી ઈન્ટરનેટ સેવા બંધ રાખવા માટે ભલામણ કરી છે.

# ગુજરાત બંધના એલાનને પગલે સાબરકાંઠામાં તંત્ર સાબદુ

હિંમતનગર, તા. ૧૭

પાટીદાર અનામત આંદોલનના ભાગરૂપે રવિવારે મહેસાણામાં યોજાયેલા જેલભરો કાર્યક્રમ દરમિયાન વિફરેલા પાટીદારોએ પોતાની તાકાત બતાવી દીધી છે. ત્યારે તેના કારણે સરકાર પણ હચમચી ઉઠી છે. એટલું જ નહિ પણ પાટીદારોએ સોમવારે આપેલા ગુજરાત બંધના એલાનથી વહીવટીતંત્ર હરકતમાં આવી ગયું છે. જેના ભાગરૂપે રવિવારથી જ હિંમતનગરમાં પોલીસતંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે પેટ્રોલીંગ વધારી દેવામાં આવ્યું હતું. તથા એસટી તંત્ર દ્વારા રવિવારથી જ વિજાપુર-મહેસાણા તરફ જતી તમામ બસોને બંધ કરી દેવાનો નિર્ણય લેવાયો હતો.

## આજે વિજાપુર-મહેસાણા જતી તમામ એસટી રૂટો બંધ

આ અંગે જિલ્લા પોલીસવડા પ્રવિણ માલના જણાવ્યા મુજબ રવિવારે મહેસાણામાં યોજાયેલા જેલભરો આંદોલન દરમિયાન થયેલી અંધાધૂંધીને ધ્યાનમાં રાખીને સાવચેતીના પગલારૂપે હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં પોલીસતંત્ર દ્વારા પેટ્રોલીંગ સઘન બનાવી દેવામાં આવ્યું છે. તો બીજી તરફ હિંમતનગરમાં આવેલ સબજેલ સહિત સરકારી કચેરીઓમાં પણ પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

હિંમતનગર એસટી ડેપો મેનેજર સલીમભાઈ મોમીનના જણાવ્યા મુજબ પ્રજા દ્વારા એસટી નિગમની બસોને કોઈ નુકશાન ન થાય તે હેતુથી ઉચ્ચકક્ષાએથી મળેલા આદેશ બાદ રવિવારથી જ મહેસાણા જિલ્લામાં જતી તમામ બસ રૂટોને અટકાવી દેવાયા છે. જોકે આ રૂટ ક્યારથી પૂર્વવત કરાશે તે અંગે ઉચ્ચકક્ષાએથી મળેલા આદેશનું પાલન કરવામાં આવશે તેમ ઉમેર્યુંહતું.

## પાટીદારો ધંધા રોજગાર બંધ કરાવશે

પાટીદાર અનામત આંદોલન ફરીથી તેજગતિએ આગળ વધી રહ્યું છે ત્યારે પાટીદારો દ્વારા સોમવારે અપાયેલા ગુજરાત બંધના એલાનના ભાગરૂપે સાબરકાંઠાના હિંમતનગર, પ્રાંતિજ, તલોદ સહિતના અન્ય સ્થળે પાસના કાર્યકરો ધંધા-રોજગાર બંધ કરાવવા માટે નીકળશે.

# પ્રાંતિજમાં છેલ્લા ત્રણ દિવસથી પાણી માટે પોકાર

પ્રાંતિજ, તા. ૧૭

પ્રાંતિજના હાર્દ સમાન એપ્રોચરોડ ઉપર છેલ્લા ત્રણ દિવસથી પાણી માટે વલખા મારતા રહીશોને છેલ્લા ત્રણ દિવસથી પાણી ન મળતા આ વિસ્તારના રહીશો ઉપર ગરમીનો પારો હદ વટાવી ગયો છે અને જો કદાચ હજુ પાણી આપવામાં વિલંબ થશે તો કદાચ આ વિસ્તારના રહિશો દ્વારા પાલિકાના સભ્યોને માથે ગરમીનો પારો પડે તો નવાઈ નહી.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ આશીર્વાદ સોસાયટી હરીઓમ પાર્ક સોસાયટીઓમાં છેલ્લા ત્રણેક દિવસથી સોસાયટીના રહિશોના ઘર સુધી પાણી ના પહોંચતા આ વિસ્તારમાં આવેલ સોસાયટીના રહીશોને પાણી માટે વલખા

## છતાં પાણીએ પાણી માટે વલખા મારતા સોસાયટીના રહિશો

મારવાનો વારો આવ્યો છે. ત્યારે હાલ તો પાણી ના હોવાથી રહીશો રહેઠાણોમાં આવેલા અન્ડર ગ્રાઉન હોજ પણ ખાલી ખમ છે અને છેલ્લા ત્રણ દિવસથી પાણીનું એક ટીપું પણ નળમાં ના આવતા મહિલાઓનો પારો તેજ થયો છે. ત્યારે આજ વિસ્તારમાં આવેલ કોંગ્રેસના ધારાસભ્ય તથા નગરપાલિકાના કોર્પોરેટરોના મકાનો આવેલા છે તેમની ચુપકીદી પાણીની સમસ્યાને લઈને ક્યારે તુટશે તેને પણ આ વિસ્તારના રહીશો જણાવી રહ્યા છે. ત્યારે પાણી બાબતે અગાઉ પણ સંકલન સમિતિમાં પ્રાન્ત અધિકારી એ.આર. ચૌધરી દ્વારા નગરપાલિકાનો પાણીના પ્રશ્નને લઈને ઉધરો લીધો હતો. અને કડક સુચના આપી હતી ત્યારે પાલિકા દ્વારા પ્રાન્ત અધિકારીની સુચનાની એસીકી તૈસી થઈ રહી હોય તેવુ હાલ તો જણાઈ આવે છે. પાલિકાના પાણી સમિતિના ચેરમેન દિલીપભાઈ રાવલના મોબાઈલ ફોન ઉપર સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો તો તેમણે ફોન સ્વીચઓફ તથા બીજો નંબર રીસીવ કર્યો ન હતો. ત્યારે છેલ્લા ત્રણ દિવસથી પાણી માટે પોકાર કરતા રહીશોને ટેન્કર કે અન્ય સુવિધા દ્વારા પાણી ના આપવામાં આવતા હાલ તો સોસાયટીના રહીશો મહિલાઓનો ગરમીનો પારો આસમાને પહોંચ્યા છે. ત્યારે પાલિકામાં રહીશો દ્વારા આ વિસ્તારના કોર્પોરેટરો કે પાણી સમિતિના ચેરમેન ઉપર અગ્નિપારો ઠલવાય તો નવાઈ નહી.

## અરવલ્લી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ પદે અતુલ બ્રહ્મભટ્ટની વરણી

અરવલ્લી જિલ્લા ભાજપના ઉપપ્રમુખ પદે તાજેતરમાં ધનસુરાના અતુલ બ્રહ્મભટ્ટની નિમણૂંક કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભીએ તાજેતરમાં ધનસુરાના અગ્રણી અતુલ બ્રહ્મભટ્ટની અરવલ્લી જિલ્લા ભાજપના ઉપપ્રમુખપદે નિયુક્તિ કરવામાં આવી છે. અતુલભાઈની નિમણુંક થતા પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, કાન્તીભાઈ પટેલ, હેમલત્તાબેન પટેલ વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.





## પાટીદાર આંદોલનને પગલે અરવલ્લીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત

મહેસાણામાં પાટીદારો દ્વારા જેલભરો આંદોલનના પગલે પોલીસ અને પાટીદારો વચ્ચે ઘર્ષણ થતા તેની અસર રાજ્યના અન્ય વિસ્તારમાં ન પ્રસરે તે માટે દરેક જિલ્લામાં પોલીસને સ્ટેન્ડ ટુ ના આદેશ આપવામાં આવ્યા છે. અરવલ્લી જિલ્લામાં પણ પોલીસે બંદોબસ્ત ગોઠવી દઈ કોઈ પણ પ્રકારે બનાવ ન બને તે માટે કમર કસી લીધી છે. અરવલ્લીના મોડાસા બાયડ સહિત અન્ય તાલુકામાં પોલીસ દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

## સિરામીક ફેક્ટરીમાં સેટીંગનું કામ કરતા કારીગરને કરંટ લાગતા મોત

હિંમતનગર, તા. ૧૭

હિંમતગર-પ્રાંતિજ રોડ પર કાટવાડ નજીક આવેલ એશીયન સિરામીકમાં ધાબાનું કામ ચાલતુ હતુ ત્યારે શનિવારે બપોરે અચાનક કરંટ લાગતા બનાસકાંઠા જિલ્લાના દાતા તાલુકાના જોરાપુર ગામના બળવંતસિંહ રામસિંહ ચૌહાણનું મોત નિપજ્યુંહતું. જે અંગે હિંમતનગર સિવિલ ફરજ પરના તબીબ ડૉ. એમ.એમ. સીદીકીએ બી. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

# ધાનેરાના નેનાવા ગામે બે જીપ ટકરાતા અકસ્માત : એકનું મોત

ધાનેરા, તા. ૧૭

ધાનેરા તાલુકાના નેનાવા ગામ પાસે કમાન્ડર જીપ અને પીકઅપ જીપ વચ્ચે અકસ્માત સર્જાતા કમાન્ડર ગાડીના ચાલકનું ઘટનાસ્થળ પર જ કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું. ધાનેરા પોલીસે અકસ્માત ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બે દિવસ અગાઉ ધાનેરાના નેનાવા ગામ પાસે એક ટ્રકમાં અચાનક આગ ભભુકતા ટ્રક બળીને ખાખ થઈ જવા પામી હતી. પરંતુ આ ટ્રક રોડ પરથી ન ખસેડતા ગત રાત્રે તેજ જગ્યા પર બે જીપ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કમાન્ડર જીપનાચાલકનું ઘટનાસ્થળ પર જ કમકમાટીભર્યુ મોત નીપજતા સમગ્ર પંથકમાં અરેરાટી મચી જવા પામી છે. મૃતક અકસ્માત દરમ્યાન મૃતકની ઓળખ ન થતા ધાનેરા પોલીસે મૃતદેહને પી.એમ. અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડી હતી. જ્યાં મોડી રાત્રે મૃતકની ઓળખ થવા પામી હતી. મરનાર યુવકનું નામ બલવંતભાઈ છે અને તે જીપ ચલાવી પોતાનુ ગુજરાન ચલાવતો હતો. ઓળખવિધિ થતા મૃતકના પરિવાર પણ ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. જ્યાં મૃતકનું પીએમ કરી પરિવારજનોને સોંપી હતી અને ધાનેરા પોલીસે અકસ્માતે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## કાવા ગામેથી યુવતીનું અપહરણ કરાતા ફરિયાદ

ઈડર તાલુકાના કાવા ગામે રહેતા અજમેલજી શંકરજી ચૌહાણની દિકરીનું ગત તા. ૧૦ એપ્રિલે ગામના જ સંજયભાઈ કાન્તિભાઈ ઠાકોર લલચાવી ફોસલાવી અપહરણ કરી ભગાડી ગયા હતા.

## ઓરાણમાં બાઈકે ટક્કર મારતા એકને ઈજા

પ્રાંતિજ તાલુકાના ઓરાણ ગામે રહેતા સોમસંગ અમરસંગ મકવાણાને ગત તા. ૧૪ એપ્રિલે બાઈક નં. જીજે.૯.સી.૯૨૯૬ના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી ટક્કર મારતા ઈજા થઈ હતી. જેથી સોમસંગ મકવાણાએ બાઈક મુકી ભાગી ગયેલા ચાલક વિરૂદ્ધ શુક્રવારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# મતરવાડામાં જીપ પલટી ખાઈ જતા બે ના મોત

હિંમતનગર, તા. ૧૭

પોશીના તાલુકાના મતરવાડા ગામ પાસે રવિવારે બપોરે દાંતીયા ગામેથી લોકાચારે જતી જીપ પલટી ખાઈ જતા બે જણાના ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યા હતા. તેમજ અન્ય નવ જણાને ઈજા થતા સારવાર માટે ખેડબ્રહ્મા સિવિલમાં ખસેડાયા હતા. જ્યાં ત્રણની હાલત ગંભીર જણાતા તેઓને હિંમતનગર મોકલી અપાયા હતા. જે અંગે ખેરોજ પોલીસે જીપના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ પોશીના તાલુકાના દાંતીયા ગામના દસથી વધુ લોકો રવિવારે બપોરે જીપ નં. જીજે.૮.ડી.૭૫૭૪માં બેસી દેમતી ગામે લોકાચારે જઈ રહ્યા હતા. દરમિયાન આ જીપ મતરવાડા ગામના તળાવ પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે જીપના ચાલક અચાનક ડ્રાઈવીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો. જેથી જીપ પલટી ખાઈ ગઈ હતી. જેના કારણે જીપમાં બેઠેલા લોકોએ બૂમાબૂમ કરી મુકતા આસપાસના વિસ્તારમાંથી લોકો દોડી આવ્યા હતા. દરમિયાન જીપ પલટી ખાઈ જવાને કારણે દાંતીયા ગામના બે પુરૂષોના ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યા હતા.

બીજી તરફ જીપ પલટી ખાઈ જવાને કારણે અન્ય નવ જણાને ગંભીર ઈજા થતાં તેમને સારવાર માટે તરત જ ૧૦૮ દ્વારા ખેડબ્રહ્મા સિવિલમાં ખસેડાયા હતા. જ્યાં તમામને પ્રાથમિક સારવાર અપાઈ હતી, પરંતુ ત્રણ જણાની હાલત ગંભીર જણાતા તેમને વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા. બીજી તરફ અકસ્માતની ઘટના અંગે ખેરોજ પોલીસને જાણ થતા ઈન્ચાર્જ પી.એસ.આઈ. સી.વી. ચૌધરી તથા સ્ટાફ ઘટનાસ્થળે આવી પહોંચ્યો અને વનવાસીઓના એકત્ર થયેલા ટોળાને વિખેરી નાખ્યુ હતુ. તેમ છતાં આ વિસ્તારમાં ભારે તંગદીલી ફેલાઈ ગઈ છે.

● મૃતકના નામ

ધનાભાઈ ઘૂંટાભાઈ ખાંટ (ઉં.વ.૫૫), ઔદાભાઈ જોગાભાઈ ખાંટ (ઉં.વ.૬૦) (બંને રહે. દાંતીયા)

● ઈજાગ્રસ્તોની યાદી

લાલીબેન ભુરાભાઈ ખાંટ (ઉં.વ.૬૫), ધરમીબેન લાલાભાઈ ખાંટ (ઉં.વ.૫૦), ગીતાબેન રમેશભાઈ ખાંટ (ઉં.વ.૩૩), લાસુબેન બદાભાઈ ખાંટ (ઉં.વ.૪૫), કેળાભાઈ ડૂટાભાઈ ખાંટ (ઉં.વ.૪૫) (તમામ રહે. દાંતીયા), મંસરાબેન રાયચંદભાઈ ખાંટ (ઉં.વ.૬૫), ચંપાબેન ગલાભાઈ ખાંટ (ઉં.વ.૪૫), એનીબેન કેળાભાઈ ખાંટ (ઉં.વ.૪૦)

## ધનસુરા ચાર રસ્તા અકસ્માત ઝોન બનતા સ્થાનિકોમાં ઉગ્ર રોષ

ધનસુરા, તા. ૧૭

બાયડ-ધનસુરા મોડાસા હાઈ-વે પર છેલ્લા ઘણા સમયથી દક્ષિણથી ઉત્તર તરફના રાજ્યમાં જતી લોડીંગ ટ્રકો અને ટ્રેલરો દિવસ રાત હજારોની સંખ્યામાં પસાર થાય છે. પરિણામે ધનસુરા ચાર રસ્તા પર ટ્રાફિકજામની સમસ્યા અને નાના મોટા જીવલેણ અકસ્માતો પણ વધી ગયા છે. આ સમસ્યાને લઈ સ્થાનિકોમાં પોલીસ અને વહીવટીતંત્ર સામે રોષ જોવા મળ્યો છે અને સત્વરે આ સમસ્યાનો નિકાલ લાવવા માંગ કરી રહ્યા છે. મહારાષ્ટ્રથી હરિયાણા, રાજસ્થાન તરફના રાજ્યોમાંથી મોટા ભાગની લોડીંગ ટ્રક દરરોજ મોટા પ્રમાણમાં અવર-જવર કરે છે. આ તમામ ટ્રકો ખેડા નડીયાદ થઈ બાયડ ધનસુરા મોડાસા થઈ રાજસ્થાન તરફ જતી આવતી હોય છે. પરિણામે આ માર્ગ પર સતત ટ્રાફિક જામની સમસ્યા રહે છે. જ્યારે વડાગામ આસપાસમાં પણ કોરીના કારમે કપચી ભરેલી ટ્રકો દિવસ રાત બેફામગતિએ દોડે છે. જેથી વારંવાર જીવલેણ અકસ્માત અને ટ્રક પલ્ટી મારી જવાના બનાવો બની રહ્યા છે. જેમાં નિર્દોષ લોકોના ભોગ લેવાય છે.

આ તમામ સમસ્યાને લઈ સ્થાનિકોએ અનેક વખત જિલ્લા પોલીસ અને વહવટીતંત્રને લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે. તેમ છતાં પણ આજ દિન સુધી કોઈ જ નિકાલ આવ્યો નથી. આથી સ્થાનિકોમાં તંત્ર વિરૂદ્ધ ઉગ્ર રોષ જોવા મળ્યો છે. અને સત્વરે ટ્રાફિક સમસ્યાનો નિકાલ લાવવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.



મોડાસા-મેઘરજ રાજ્ય ધોરી માર્ગ પર આવેલા શીણાવાડ ગામ નજીક શનિવારે બપોરે પૂરપાટ ઝડપે પસાર થઈ રહેલી હુન્ડાઈ આઈ ટેન (ગાડી નં. જીજે ૨૧ એમ ૫૦૪૬) કારનુ ટાયર ફાટતા કાર ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા આઈટેન કાર બે ત્રણ પલ્ટી મારી રોડ નજીક આવેલા બાવળોની ઝાડીમાં ખાબકી હતી. કારમાં સવાર બે લોકોને શરીરે ઈજાઓ પહોંચી હતી. સદનસીબે જાનહાનિ ટળી હતી. કાર બે ત્રણ પલટી મારી જતા કારના આગળના ભાગના ફૂરચેફૂરચા ઉડી ગયા હતા.

# હિંમતનગર કોર્ટમાં ચાલુ કાર્યવાહી દરમિયાન વકીલને લાફો મારી દેતા ચકચાર

હિંમતનગર, તા. ૧૭

હિંમતનગરમાં આવેલ એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ભરણપોષણના કેસની મુદતમાં આવેલા ફરિયાદના પતિએ એકાએક આવેશમાં આવી જઈને ચાલુ કોર્ટમાં ન્યાયાધિશની હાજરીમાં જ વકીલને લાફો મારી દેતા કોર્ટ રૂમમાં સન્નાટો છવાઈ ગયો હતો. જોકે ઘટના બાદ લાફો મારનાર શખ્સ વિરૂદ્ધ વકીલે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

હિંમતનગરની એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશયલ મેજીસ્ટ્રેટ એ.એસ. ગોહિલની કોર્ટમાં શનિવારે બપોરે સોનલબેન જગતસિંહ પરમાર (રહે. છાપરીયા, હિંમતનગર) દ્વારા કરાયેલી ભરણ પોષણની ફરિયાદ બાદ મુદત હોવાથી કેસ ચાલી રહ્યો હતો. ત્યારે અચાનક જ સોનલબેન પરમારના પતિ કુલદિપસિંહ ભુપતસિંહ પરમારે (રહે. ડુંગરપુર, રાજસ્થાન) કોર્ટ રૂમમાં વકીલ એચ.એ. મકરાણીએ પ્રશ્ન પુછતાની સાથે જ કુલદિપસિંહ પરમારે ઉશ્કેરાઈ જઈ વકીલને લાફો મારી દીધો હતો. જેના કારણે કોર્ટ રૂમમાં સન્નાટો છવાઈ ગયો હતો.

દરમિયાન આ અંગે કોર્ટ પરિસરમાં ઉપસ્થિત અન્ય વકીલ આલમમાં ખબર પડતા તેઓ ભેગા થઈ ગયા હતા અને તરત જ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરાઈ હતી. ત્યારબાદ પોલીસે આવીને કુલદિપસિંહ પરમારને પોલીસ વાનમાં બેસાડી લઈ ગયા હતા. કોર્ટ કાર્યવાહી દરમિયાન બનેલી ઘટનાથી વકીલ આલમમાં ભારે રોષ વ્યાપી ગયો હતો.

## વકીલો બે દિવસ કામથી અળગા રહેશે

હિંમતનગરની કોર્ટમાં બનેલી ઘટનાના વિરોધમાં સાબરકાંઠા બાર એસોસીએશનના પ્રમુખ વિક્રમસિંહ પરમારે વકીલોની શનિવારે જે તાકીદની બેઠક બોલાવી હતી. જેમાં તા. ૧૮ અને ૧૯ના રોજ કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવાનો નિર્ણય કર્યો છે. જો કે અગત્યના કેસોમાં કોઈ ખલેલ પડશે નહી.

## જવાહર નવોદય વિદ્યાલય ધોરણ ૯ માટે પ્રવેશ પરીક્ષા યોજાશે

જવાહર નવોદય વિદ્યાલય વડનગરમાં ધોરણ-૯ માટેની પ્રવેશ પરીક્ષા ૨૪ એપ્રિલ ૨૦૧૬ને રવિવારના દિવસે સવારે ૧૦ થી ૧૩ કલાક સુધી યોજાશે. જિલ્લામાં ૨૦૯૩ વિદ્યાર્થીઓ પ્રવેશ માટેની પરીક્ષા આપનાર છે. વિદ્યાર્થીઓના પ્રવેશપત્ર સંબંધિત શાળાઓમાંથી મેળવી લેવાના રહેશે. પ્રવેશપત્રો શાળામાં મળેલ ના હોય તો વાલીઓએ ૨૧ એપ્રિલના દિવસે સવારે ૧૦ થી ૧૩ કલાક સુધી નવોદય વિદ્યાલય વડનગર ખાતે આધારભુત પુરાવા સાથે રૂબરૂ આવી પ્રવેશપત્રો મેળવી લેવાના રહેશે.

# મહેસાણા જિલ્લામાં ઈન્ટરનેટ સેવા પર પ્રતિબંધ લદાયો

મહેસાણા, તા. ૧૭

મહેસાણા જિલ્લામાં મોઢેરા રોડ સ્થિત અવસર પાર્ટી પ્લોટની બાજુમાં ખુલ્લા મેદાનમાં ૧૭ એપ્રિલ ૨૦૧૬ના રોજ શ્રી સરદાર પટેલ સેવાદળ મહેસાણા દ્વારા જેલભરો આંદોલન દરમિયાન સર્જાયેલી અશાંત પરિસ્થિતિને અનુલક્ષીને સામાન્ય જનજીવનને જોખમમાં ન મુકાય તથા તેમના જાનમાલને નુકસાન ન થાય તેમજ માલ મિલ્કતને નુકશાન ન થાય તે માટે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાને લેતા તાકીદના સંજોગોમાં શાંત વાતાવરણ ડહોળાય નહી તેમજ અનિચ્છનિય બાબતોને પ્રોત્સાહન ન મળે તેમજ અફવાઓ ન ફેલાય તે માટે જિલ્લા મેજીસ્ટ્રેટ લોચન સેહરાએ મહેસાણા જિલ્લામાં તમામ પ્રકારની ઈન્ટરનેટ સેવાઓ પર પ્રતિબંધ ૧૮ જુલાઈ ૨૦૧૬ના સાંજે ૬.૦૦ કલાક સુધી કર્યો છે.

તમામ પ્રકારના સોસીયલ મીડીયા, ફેસબુક, ટ્વીટર, વોટસઅપ તથા એસ.એમ.એસ. સહિતના તમામ મોબાઈલ કંપનીની ઈન્ટરનેટ, વોટસએપ તથા એસ.એમ.એસ. સેવાઓ ઉપર ૧૮ એપ્રિલ ૨૦૧૬ના સાંજે ૬.૦૦ કલાક સુધી પ્રતિબંધ કરાયો છે. તમામ મોબાઈલ કંપનીના વહીવટકર્તાઓ, સંચાલકો આ હૂકમનો ચુસ્ત અમલ કરવાનો રહેશે તેમ જિલ્લા મેજીસ્ટ્રેટ લોચન સેહરાની અખબારી યાદીમાં જણાવ્યું છે.